# કરાચીમાં બસ પર આતંકવાદી હુમલો : ૪૭ના મોત

કરાચી,તા. ૧૩

પાકિસ્તાનના કરાચીમાં મોટરસાઈકલ પર આવેલા આઠ ત્રાસવાદીઓએ આજે ઈસ્માયલી શિયા સમુદાયના લોકોને લઈને જતી યાત્રી બસ પર ભીષણ ગોળીબાર કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૪૭ લોકોના મોત થયા છે. આ હુમલાની જવાબદારી તાલિબાન દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. નજરે જોનાર સાક્ષીઓએ માહિતી આપતા કહ્યું છે કે મોટરસાયકલ પર આવેલા શખ્સોએ ગોળીબાર કર્યો હતો. બસમાં આશરે ૬૦ યાત્રીઓ હોવાના અહેવાલ મળ્યા છે. સફોરા ચોક નજીક બસને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. બસ પર હુમલો કરવામા માટે નવ એમએમ પિસ્તોલનો ઉપયોગ હુમલાખોરો દ્વારા કરવામા આવ્યો હતો. આ બસ અલ અઝહર ગાર્ડન કોલોનીની હતી. પાકિસ્તાનમાં લાંબા સમયથી સક્રિય ત્રાસવાદી સંગઠન તહેરિકે તાલિબાને હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. હોસ્પિટલના સુત્રોએ કહ્યું હતું કે માર્યા ગયેલાઓમાં ૨૫ પુરષો અને ૧૬ મહિલાનો સમાવેશ થાય છે. ટેલિવીઝન ચેનલના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પિન્ક કલરની બસ પર ચારેય બાજુ બુલેટના નિશાન દેખાઈ રહ્યા છે. હુમલો કરવામાં આવ્યા બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલામાં ઉંડી તપાસ કરવામા આવી હતી. પાકિસ્તાન પોલીસ અને રેન્જર્સની ટીમ તેનાત કરવામાં આવી છે. બનાવની જાણ થતા પાકિસ્તાનમાં ફરી એકવાર અરાજકતા ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાનમાં રક્તપાતનો દોર યથાવત રહ્યા છે. પાકિસ્તાનમાં દરરોજ નવા નવા હુમલા થઈ રહ્યા છે. પાકિસ્તાનમાં જુદા જુદા ત્રાસવાદી સંગઠન હજુ સક્રિય રહેલા છે. પાકિસ્તાનમાં ત્રાસવાદ સામેની લડાઈને લઈને પણ ઉદાસીનતા રહી છે. ભારત સહિત વિશ્વના દેશો તેના પર આક્ષપ કરતા રહ્યા છે. પોલીસ અને સેનાએ હુમલાખોરોને પકડી પાડવા તપાસ હાથ ધરી છે.





# રોબર્ટ વાઢેરાને આવરી લેતા કેસોમાં ઝડપી તપાસ કરાશે

નવી દિલ્હી,તા. ૧૩

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા સામે સકંજો મજબુત કરવાની તૈયારી કરી લેવામા આવી છે. હરિયાણામાં ભુપિન્દરસિંહ હુડાના નેતૃતવમાં કોંગ્રેસ સરકારના ગાળામાં થયેલી જમીન સમજુતીમાં પણ તપાસ કરવા માટે એક ઉચ્ચસ્તરીય સમિતીની રચના કરવામાં આવી છે. એક નિવૃત જજના નેતૃત્વમાં બનનાર આ સમિતી ખાસ કરીને એવા કેસમા તપાસ કરશે જેમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની સંડોવણી રહેલી છે. એક અખબારે આ અંગેની માહિતી આપતા આજે કહ્યું હતું કે રાજ્યમાં શાસક પક્ષ ભાજપ અને સરકારના નજીકના સુત્રોના કહેવા પ્રમાણે તપાસ માટે બનનાર પંચ એક સપ્તાહના ગાળામા જ તપાસની તમામ માહિતી આપી દેશે. મનોહર લાલ ખટ્ટરના નેતૃત્વમાં ભાજપ સરકાર પેનલ રચવાની અંતિમ પ્રક્રિયામાં છે. ભાજપના સુત્રોએ કહ્યું છે કે ખટ્ટર સરકાર પહેલાથી જ તપાસ પંચની રૂપરેખા તૈયાર કરી ચુકી છે. રાજ્ય સરકારે છેલ્લી મંજૂરી આપવા માટે તેની સમગ્ર માહિતી કેન્દ્ર અને પાર્ટી હાઈ કમાન્ડને મોકલી દીધી છે. અલબત્ત પાર્ટી નેતાઓએ આ સમગ્ર મામલે કોઈ ટિપ્પણી કરી નથી. પરંતુ ભાજપના હરિયાણા ઈન્ચાર્જ અને રાષ્ટ્રીય મહાસચિવ અનિલ જૈને કહ્યું છે કે તપાસ પંચની રચના સાથે સંબંધિત તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે.



હરિયાણા સરકાર અને પાર્ટી સંગઠનમાં મજબુત સ્થિતીમાં રહેલા સુત્રોએ કહ્યુ છે કે ભાજપ હાઈ કમાન્ડ દ્વારા એ વ્યક્તિનુ નામ પણ નક્કી કરી લીધુ છે જે તપાસ પેનલનુ નેતૃત્વ કરનાર છે. હરિયાણાના મુખ્યપ્રધાનને આ નામ અંગે માહિતી આપી દેવામાં આવી છે. પરંતુ તેને હજુ સુધી સમર્થન મળી રહ્યું નથી. સુત્રોએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટના નિવૃત જજ અને નેસનલ ગ્રીન ટ્રિબ્યુનલના ચેરમેન સ્વતંત્ર કુમાર આ પદ માટે સરકારની પ્રથમ પસંદ છે. ટુંકમાં જાહેરાત કરાશે.

# ભૂકંપ : મોત આંક નેપાળમાં ૬૫ અને ભારતમાં ૪૪

નવી દિલ્હી,તા. ૧૩

નેપાળ, ભારત અને અન્ય પડોશી દેશોમાં ગઈકાલે મંગળવારના દિવસે આવેલા વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને હવે સત્તાવારરીતે ૧૧૦ ઉપર પહોંચી ગયો છે. ૨૫મી એપ્રિલના દિવસે નેપાળમાં આવેલા વિનાશક ભૂકંપમાં ૮૦૦૦થી વધારે લોકોના મોત થયા બાદ ગઈકાલે ૧૨મી મેના દિવસે આવેલા ૭.૩ની તીવ્રતાના આંચકાથી પણ ભારે નુકસાન થયું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નેપાળમાં મોતનો આંકડો ૬૫ થયો છે. જ્યારે ભારતમાં બિહારમાં ૪૨ અને ઉત્તરપ્રદેશમાં બે લોકોના મોત થતા આંકડો ૪૪ ઉપર પહોંચી ગયો છે. આવી જ રીતે તિબેટમાં એક વ્યક્તિનુ મોત થયું છે. યુએસ મિલેટરી પેસિફિક કમાન્ડે માહિતી આપતા કહ્યુ છે કે મરીન કોર્સ હેલિકોપ્ટર જે ડિઝાસ્ટર રાહતમાં હતુ તે લાપતા થયુ છે. તેમાં છ અમેરિકી મરિન અને બે નેપાળી જવાન હતા. અત્રે નોંધનીય છે કે ૨૫મી એપ્રિલના દિવસે ૭.૮ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપની તબાહીમાંથી હજુ સુધી બહાર નિકળી શકાયું નથી ત્યારે નેપાળમાં ગઈકાલે ત્રણ સપ્તાહના ગાળા બાદ જ ફરી વિનાશક આંચકો નોંધાયો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૭.૩ નોંધાઈ હતી. સમગ્ર નેપાળ ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું અને ૨૫મી એપ્રિલના વિનાશકારી અને હોરિફીટ ભૂકંપની યાદ લોકોના દિલોદિમાગમાં તાજી થઈ ગઈ હતી. પ્રાથમિક અંદાજ મુજબ મોતનો આંકડો નેપાળમાં ૫૦ ઉપર પહોંચી ગયો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૧૩૦૦થી પણ વધારે આંકવામાં આવી છે. નેપાળમાં ફરી એકવાર લોકોમાં ફફડાટની સ્થિતિ ફેલાઈ ગઈ છે. સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ભૂકંપનું કેન્દ્ર માઉન્ટ એવરેસ્ટની નજીક હતું અને ભૂકંપનું કેન્દ્ર કાઠમંડુના ઉત્તર પૂર્વ નામચે બજારથી ૬૮ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું છે. નેપાળમાં ૧૨.૩૫થી લઈને બે વાગ્યાના વચ્ચેના ગાળામાં જ એક પછી એક સાત આંચકા આવ્યા હતા. અમેરિકાની ભૂકંપ સંબંધિત સંસ્થાએ કહ્યું હતું કે,



રિક્ટર સ્કેલ ઉપર તીવ્રતા ૭.૩ હતી અને તેનો સમય ૧૨.૩૫ વાગ્યાનો હતો અને કેન્દ્ર કાઠમંડુથી ૮૩ કિલોમીટર પૂર્વે હતું. ૨૫મી એપ્રિલના દિવસે નેપાળમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો જેમાં ૮૦૦૦થી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે અને હજારો લોકો બે ઘર થયા છે. તેમના પુનઃવસવાટની કામગીરી હજુ ચાલી રહી છે. નેપાળ વિનાશકારી ભૂકંપના આંચકામાંથી અને તેની અસરમાંથી બહાર નિકળે તે પહેલા ગઈકાલે પ્રચંડ ધરતીકંપનો આંચકો આવ્યો હતો. નેપાળમાં પ્રચંડ ભૂકંપ બાદ ગઈકાલે ફરી એકવાર ભારતના મોટાભાગના રાજ્યો હચમચી ઉઠ્યા હતા. સમગ્ર ઉત્તર ભારતના રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. બપોરે ૧૨.૩૫ની આસપાસ આ આંચકો આવ્યો હતો જેના કારણે ઉત્તર ભારતમાં પણ ઘણી જગ્યાઓએ નુકસાન થયું હતુ. બિહાર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, ગુજરાત સહિતના રાજ્યો હચમચી ઉઠ્યા હતા. ૨૦ સેકન્ડ સુધી આંચકાની અસર રહી હતી. ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાં તેની સીધી અસર રહી હતી. પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને આસામમાં પણ આંચકો અનુભવાયો હતો. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧.૧૩ વાગે ફરી એકવાર આંચકો અનુભવાયો હતો. બે નવેસરથી આંચકાના કારણે બિહારમાં ફરી એકવાર નુકસાન થયું હતું. બિહારમાં ઓછામાં ઓછા ૪૨ લોકોના મોતને સમર્થન મળ્યું છે. જુદા જુદા વિસ્તારમાં આ લોકોના મોતના અહેવાલ મળ્યા છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં બે લોકના મોત થયા છે. બિહારમાં બંને આંચકાની તીવ્રતા ઉત્તર બિહારમાં વધારે અનુભવાઈ હતી. પૂર્વી ચંપારણ, પશ્ચિમી ચંપારણ, સીતામઢી, મધુબાનીમાં વધારે અસર રહી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં ૩૦ સેકન્ડ સુધી તેની અસર રહી હતી. ભારતીય હવામાન આસામમાં ૭.૩ની તીવ્રતા સાથે આંચકો અનુભવાયો હતો. લોકો તેમના ઘરની બહાર દોડી ગયા હતા. ઉત્તરપ્રદેશમાં પણ લોકોમાં આવી જ સ્થિતિ જોવા મળી હતી. ગુજરાત અને અન્ય રાજ્યોમાં પણ તેની અસર થઈ હતી.

# એરલાઈન દ્વારા રેટ વધારી દેવાતા વિમાની યાત્રા મોંઘી

નવી દિલ્હી,તા. ૧૩

એરલાઈન દ્વારા રેટમાં વધારો કરવામાં આવ્યા બાદ વિમાની યાત્રા વધારે મોંઘી થઈ ગઈ છે. ડીજીસીએ દ્વારા તમામ સીટ પહેલાથી જ બુક કરવા માટે એરલાઈનને મંજૂરી આપી દેતા વિમાનીયાત્રા વધારે મોંઘી સાબિત થઈ શકે છે. અહેવાલમા દાવો કરવામાં આવ્યો છે કે ઈમરજન્સી રો અથવા તો ફ્રન્ટમાં સીટ બુકિંગ કરાવવા માટે ૬૦૦ રૂપિયાનો ખર્ચ થશે. જ્યારે વિન્ડો અને એસ્લે સીટ બુક કરાવવા માટે ૩૦૦ રૂપિયાનો ખર્ચ રહેશે. આ ૩૦૦ રૂપિયાનો ખર્ચ રો બેથી ૧૧ વચ્ચે સીટ અને વિન્ડો સીટ માચે રહેશે. હાલમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર ઈન્ડીગો દ્વારા વિન્ડો અને રો ૧૪થી ૨૯ સુધી



એસલે સીટ માટે ૨૦૦ રૂપિયાની ઓફર કરે છે. જેટ એરવેઝ અને ઈન્ડીગો દ્વારા ટિકિટ કેન્સેલેશન ચાર્જમાં તીવ્ર વધારો કરવાની જાહેરાત કરી દીધી છે. ઈન્ડીગો દ્વારા અગાઉ રવાનગીના બે કલાક પહેલા સુધી ટિકિટ કેન્સલ કરાવવાનો ચાર્જ ૧૫૦૦ રૂપિયા રાખવામાં આવ્યો હતો.

હવે તે ચાર સ્લેબ ધરાવે છે. રવાનગીથી બેથી ૪૮ કલાક પહેલા જે લોકો ટિકિટ રદ કરાવશે તેને ૨૨૫૦ રૂપિયા ચુકવવાના રહેશે. જ્યારે ૪૮ કલાક પહેલા ટિકિટ રદ કરાવનાર માટે ફી જુદી રહેશે. હાલમાં જુદી જુદી એરલાઈન્સ દ્વારા વિમાની યાત્રીઓને પ્રભાવિત કરવા માટે જુદા જુદા પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે વિમાની કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા પણ ચાલી રહી છે.

## કરાંચીમાં ત્રાસવાદી હુમલાની નરેન્દ્ર મોદી-રાહુલ દ્વારા ટિકા

નવીદિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ આજે કરાંચીમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાને કઠોર વખોડી કાઢીને તેની ટીકા કરી હતી. નરેન્દ્ર મોદીએ આ હુમલાને વખોડી કાઢીને કહ્યું હતું કે, ભારત પાકિસ્તાનની સાથે છે. આતંકવાદ સામેની લડાઈને વધુ તીવ્ર બનાવવામાં આવે તે જરૂરી છે. ટ્વિટર ઉપર મોદીએ કહ્યું હતું કે, કરાંચીમાં હુમલો દુખદ છે સાથે સાથે વખોડવા પાત્ર છે. મૃતકોના પરિવાર સાથે અમારી ભાવનાઓ જોડાયેલી છે. પીડાના સમયમાં અમે પાકિસ્તાનની સાથે છે. ઇજાગ્રસ્ત લોકો ઝડપથી સાજા થાય તેમ અમે ઇચ્છીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં ભીષણ હુમલો કરાયો હતો. દરમિયાન રાહુલ ગાંધીએ પણ કરાંચી હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને તેની ટિકા કરી છે. ગાંધીએ ટ્વિટર ઉપર કાયરતાપૂર્વકના કૃત્ય આચરનાર સામે કઠોર પગલા લેવા માટે માંગણી કરી છે. પાકિસ્તાનમાં હુમલાઓ અવિરત જારી રહ્યા છે.

# હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટ માટે અલગ જ કંપનીની વિચારણા

નવી દિલ્હી,તા. ૧૩

રેલવે હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટ માટે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનની જેમ જ અલગ કંપની બનાવવા અંગે વિચારણા કરે છે. આ પ્રોજેક્ટ હેઠળ દેશના કેટલાક મોટા શહેરોને જોડી દેવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફેવરીટ પ્રોજેક્ટ પૈકીના એક તરીકે આને ગણવામાં આવે છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ વરિષ્ઠ બોર્ડ મેમ્બર્સ સાથે પ્રોજેક્ટના સ્ટેટસ પર ચર્ચા કરી લીધી છે. આ પ્રોજેક્ટ હેઠળ દિલ્હી, મુંબઈ, અમદાવાદ અને કોલકત્તાને હાઈ સ્પીડ ટ્રેનથી જોડી દેવામાં આવનાર છે. આ હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટ પર ખર્ચ ૭૦૦૦૦ કરોડ રૂપિયા રહી શકે છે. બેઠકના સંબંધમાં માહિતી ધરાવનાર સુત્રોના કહેવા મુજબ પ્રબુ માને છે કે રેલવેની પાસે જટિલ ટેકનિકલ પ્રોજેક્ટ પર કામ કરવા માટેની વિશેષતા નથી. જેથી તેના માટે અલગ કંપની બનાવવાની બાબત યોગ્ય છે. મોદીએ હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટને ડાયમંડ ક્વોડ્રિલૈટરલ નામ આપ્યુ છે. સંસદથી કાયદા મારફતે દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનની જેમ જ કંપની બનાવવા અંગે રેલવે મંત્રાલયમાં ચર્ચા કરવામાં આવી છે. આના મામલે બેટકમાં પણ ચર્ચા કરવામાં આવી હતી. આ અગાઉ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તે રેલવે પીએસયુ રેલ વિકાસ નિગમની ગૌણ શાખા તરીકે છે. મંત્રાલય નક્કરપણે માને છે કે એચએસઆરસીની પાસે આટલા હાઈ પ્રોફાઈલ પ્રોજેક્ટ પર કામ કરવા માટે નિષ્ણાંતો નથી. બેઠકમાં એવો પણ નિર્ણય કરવામાં આવ્યો કે આ પ્રોજેક્ટમાં રાજ્યોને ભાગીદાર બનાવવામાં આવે તે જરૂરી છે.

બેઠકમાં ઉપસ્થિત રહેલા એક અધિકારીએ કહ્યુ હતું કે અમે પ્રોજેક્ટને આગળ વધારી દેવા માટે શ્રેષ્ઠ લોકોની ટીમ બનાવવા વિચારી રહ્યા છીએ. આવા કોઈ પ્રોજેક્ટથી રેલવેને નુકસાનથી બચાવવાનો પણ હેતુ રહેલો છે. કેન્દ્રિય રેલવે પ્રધાન પ્રભુ હાઈ સ્પીડ ટ્રેન પ્લાનની વિગત અંતિમ તૈયાર કરવા માંગે છે. જેને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કહેવામાં આવે છે.

# નમામી ગંગે પ્રોગ્રામને અંતે કેન્દ્રીય કેબિનેટની બહાલી

નવી દિલ્હી,તા. ૧૩

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે અનેક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા જેના ભાગરુપે નમામી ગંગે પ્રોગ્રામને મંજુરી આપવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં ૨૦ હજાર કરોડની અંદાજપત્રીય ફાળવણી કરવામાં આવી ચુકી છે. કેબિનેટની બેઠકમાં ચાઈલ્ડ લેબર એક્ટમાં સુધારાને પણ મંજુરી આપવામાં આવી છે. જેના ભાગરુપે નુકસાન કરતા ઉદ્યોગોમાં કામ કરવાથી નાના માસૂમ બાળકોને રોકી શકાશે. કેબિનેટની બેઠકમાં અન્ય કેટલાક નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય કેબિનેટે નમામી ગંગે પ્રોગ્રામને મંજુરી આપવામાં આવી છે જેના ભાગરુપે સર્વગ્રાહી રીતે ગંગા નદીના જતન અને સાફ સફાઈના પ્રયાસોનો સમાવેશ



થાય છે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ કાર્યક્રમ માટે ૨૦૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. છેલ્લા ૩૦ વર્ષમાં જે ખર્ચ કરવામાં આવ્યો છે તેની સરખામણીમાં ચાર ગણો વધુ ખર્ચ કરવામાં આવનાર છે. અમલીકરણમાં જોરદાર ફેરફાર કરીને સરકારે સારા પરિણામ મળે તે માટે નદીના કિનારે રહેતા લોકોને આવરી લઈને મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અગાઉના પ્રયાસોથી બોધપાઠ લઈને કાર્યક્રમના ભાગરુપે રાજ્યોને પણ સામેલ કરવાનો નિર્ણય કરાયો છે. બિલકુલ નિચલા સ્તર પર રહેલી સંસ્થાઓને પણ સામેલ કરવામાં આવનાર છે જેમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ અને પંચાયત રાજ સંસ્થાઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમને નવેસરથી ઓપ આપવા માટે કેન્દ્ર સરકાર આ કાર્યક્રમ હેઠળ જુદી જુદી પ્રવૃત્તિના ૧૦૦ ટકા ફંડિંગને મહત્વ આપશે. અગાઉ ગંગા એક્શન પ્લાનના સંતોષજનક પરિણામ મળ્યા નહતા. દરમિયાનમાં કેબિનેટે ચાઈલ્ડ લેબર એક્ટમાં સુધારાને પણ મંજુરી આપી છે જેના ભાગરુપે બાળકોને મંજુરી કરવાથી રોકી શકાશે. જો બાળક નોકરી કરતો નજરે પડશે તો સંબંધિતો સામે પગલા લેવાશે. ૬થી ૧૪ વર્ષની વયગ્રુપના બાળકોને ફરજિયાત શિક્ષણ મળે તેનો હેતુ આની પાછળ રાખવામાં આવ્યો છે. બાળ રોજગારી ઉપર સંપૂર્ણ ખાતરી કરવાનો હેતુ રહેલો છે. જંગી દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. છ મહિનાથી ઓછીની સજા આમા કરવામાં આવશે નહીં જેને બે વર્ષ સુધી પણ લંબાવી શકાશે. દંડની રકમને પણ વધારી શકાશે. ૫૦૦૦૦ સુધી દંડની રકમ રહેશે.

# શેરબજારમાં ઉથલપાથલ બાદ અંતે ૩૭૪ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ,તા. ૧૩

શેરબજારમાં આજે કારોબારના અંતે જોરદાર તેજી રહી હતી. સેંસેક્સ ૩૭૪ પોઈન્ટ ઉછળીને ૨૭૨૫૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૦૯ પોઈન્ટ ઉછળીને ૮૨૩૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે તેજી માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. માર્કેટમાં ઉથલપાથલનો દોર રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧-૨ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૬૪૦ શેરમાં તેજી રહી હતી અને ૧૦૫૪ શેરમાં મંદી રહી હતી. રિટેલ ફુગાવો માર્ચમાં ૫.૨૫ ટકાની સરખામણીમાં ૪.૮૭ ટકા રહ્યો હતો જે ચાર મહિનાની નીચી સપાટીએ છે. આવી જ રીતે ફેક્ટરી આઉટપુટ ગ્રોથનો આંકડો ૨.૧ ટકા રહ્યો છે જે ફેબ્રુઆરી મહિનામાં પાંચ ટકા નોંધાયો હતો. જેના પરિણામ સ્વરુપે રિઝર્વ બેંક માટે વ્યાજદરમાં ઘટાડો કરવાની આશા જાગી છે. એશિયન શેરબજારમાં પણ આજે તેજી રહી હતી. બેંકેક્સમાં સૌથી વધુ ૨.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. ઓટો, કેપિટલ ગુડ્ઝ, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને પાવરમાં ૧-૨ ટકા વચ્ચેનો ઉછાળો નોંધાયો હતો. જો કે, રિયાલીટી ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રેટલક્ષી શેરમાં લેવાલી જોવા મળી હતી. બેંકિંગ શેરમાં સૌથી વધુ છ ટકાની આસપાસનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં આજે સ્થિતિ



સારી રહેતા કારોબારીઓને અંતે રાહત થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં આજે સવારમાં જોરદાર ઉથલપાથલ જારી રહી હતી. કારોબારની શરૂઆતમાં સેન્સેક્સમાં ૩૫૦ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૨૭૨૨૭ સુધી પહોંચી ગઈ હતી. સેન્સેક્સે ૨૭૦૦૦ની સપાટી કુદાવી હતી. જો કે ત્યારબાદ કારોબાર દરમિયાન થોડાક સમય પછી સેન્સેક્સ ૧૧ પોઈન્ટ ઘટીને ૨૬૮૮૫ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી બે પોઈન્ટ ઘટીને ૮૧૨૫ની સપાટીએ રહ્યો હતો. શરૂઆતમાં નિફ્ટીમાં પણ ૧૦૮ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. જો કે, મોડેથી સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઉછાળો નોંધાતા કારોબારીઓ ખુશ દેખાયા હતા. શેરબજાર ગઈકાલે ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. છેલ્લા બે દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ફરી એકવાર બ્રેક મુકાઈ હતી. મેટલ, ફાયનાન્સિયલ અને કેપિટલ ગુડ્ઝના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. આઈઆઈપી, સીપીઆઈ ડેટા જારી કરવામાં આવે તે પહેલા બજારમાં જોરદારી મંદી રહી હતી. ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૬૩૦ પોઈન્ટ ઘટીને ૨૬૮૭૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯૮ પોઈન્ટ ઘટીને ૮૧૨૭ની સપાટીએ રહ્યો હતો. મંગળવારે બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૯૪૪ શેરમાં મંદી અને ૭૬૧ શેરમાં તેજી રહી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ સોમવારના દિવસે ૧૭૦ કરોડની કિંતમના ઈક્વિટીની ખરીદી કરી હતી.

## કમોસમી વરસાદ : ૨૫૦૦ કરોડથી વધુનું નુકસાન થયું


નવી દિલ્હી,તા. ૧૩

સમગ્ર દેશમાં કમોસમી વરસાદથી ઉત્તર બારતના રાજ્યોને ભારે નુકસાન થયું છે. આના કારણે અનેક રાજ્યોમાં લાખો હેક્ટર વિસ્તારમાં કાપણી માટે તૈયાર પાકને ભારે નુકસાન થયું છે. હજારો ખેડુતો નિસહાય બની ગયા છે. પ્રાથમિક એવો અંદાજ છે કે આશરે ૨૫૦૦ કરોડ રૂપિયાનુ નુકસાન થયું છે. બીજી બાજુ દક્ષિણ ભારતના રાજ્યોને આના કારણે નુકસાન નહી બલ્કે ફાયદો થયો છે. જો કે તમિળનાડુમાં કેળાના કેટલાક બગીચા અને કઠોળના પાકને નુકસાન થયું છે. હવામાનના નિષ્ણાંતો અને કૃષિ નિષ્ણાંતોનુ કહેવુ છે કે આ તમામ બાબત જળવાયુ પરિવર્તનના કારણે થઈ રહી છે. આના માટે વિસ્તૃત નિરીક્ષણ જરૂરી છે. તમિળનાડુમાં સામાન્યરીતે માર્ચ અને મે મહિનામાં આશરે ૭૦ મીમી વરસાદ થાય છે. પરંતુ આ વર્ષે ૧૩૫ મીમી વરસાદ થયો છે. ભારતીય હવામાન વિભાગના પૂર્વ નાયબ નિર્દેશક વાયઈએ રાજે કહ્યું છે કે ભીષણ ગરમી આના કારણો પૈકી એક હોઈ શકે છે. વાયુમંડળમાં અસ્થિરતા, ચક્રવાતી તોફાનના કારણે પણ વધારે વરસાદ થયો છે. પંજાબ, હરિયાણા, ઉત્તારપ્રદેશ અને રાજસ્થાનમાં રવિ પાકને મોટા પાયે નુકસાન કમોસમી વરસાદના કારણે થયુ છે.

# ચેન્નાઈ સુપરની ચિયર ગર્લ્સ રૂમ પર દરોડાથી સનસનાટી

નવી દિલ્હી,તા. ૧૩

ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ)માં ચિયર્સ ગર્લ્સને લઈને પણ નવો વિવાદ ઉભો થઈ ગયો છે. રાયપુર પોલીસે આજે ચિયર ગર્લ્સના હોટલ રૂમમાં દરોડા પાડ્યા હતા. કોઈપણ વોરંટ વગર આ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે ચેન્નાઈ સુપર કિંગ્સની ચિયર ગર્લ્સના હોટલ રૂમમાં દરોડા પાડવામાં આવ્યા બાદ આઈપીએલમાં હાલ ચાલી રહેલી ગતિવિધિઓ સામે નવા પ્રશ્નો ઉભા થયા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ



ચેન્નાઈ સુપર કિંગ્સ ફ્રેન્ચાઈઝીસ સાથે જોડાયેલી તમામ ચિયર ગર્લ્સ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની છે. રાયપુરમાં દિલ્હી ડેરડેવિલ્સ સામે આઈપીએલની મેચ વેળા આ દરોડા પાડવામાં આવ્યા હતા. તેમના રૂમમાં પોલીસને જોઈને ચિયર ગર્લ્સમાં પણ ખળભળાટ મચી ગયો હતો. તેઓએ તરત જ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને જાણ કરી હતી જે આઈપીએલ સાથે તેમના એસોસિએશન સાથે જોડાયેલી છે. કોતવાલી પોલીસ સ્ટેશનના અધિકારીઓએ હોટલમાં ત્રાટકીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. હોટલના આ રુમમાં ચિયર ગર્લ્સ મોટાભાગે રોકાયેલી છે. એક કલાક સુધી તેમની પુછપરછ પણ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસ પાસે દરોડા પાડવા માટે વોરંટ પણ ન હતો.

રૂટિન ચેકિંગના ભાગરુપે પોલીસ પહોંચી હતી. હોટલ સ્ટાફને સ્ટ્રોંગઆર્મ પ્રેક્ટિસ તરીકે નામ આપવામાં આવ્યું છે. ચેન્નાઈ સુપર કિંગ્સની ચિયર ગર્લ્સની રૂમમાં દરોડા પડ્યા છે તેવા અહેવાલ બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ વિવાદ સપાટી ઉપર આવ્યા બાદ ચિયર ગર્લ્સને જુદી જુદી હોટલોમાં રાખવામાં આવે છે. એ જગ્યાએ ચિયર ગર્લ્સને રાખવામાં આવતી નથી જ્યાં ટીમ રોકાયેલી રહે છે. શહેર પોલીસ અધિકારીનું કહેવું છે કે, રૂટિન ચકાસણીના ભાગરુપે દરોડા પાડવામાં આવ્યા છે.